# દિલ્હીમાં બ્લાસ્ટની યોજના નિષ્ફળ

## બે ત્રાસવાદી પકડાયા : ઝડપાયેલા ત્રાસવાદી પાસેથી એકે ૪૭ અને વિસ્ફોટકો કબજે

નવી દિલ્હી,તા. ૨૨

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં એક મોટા આતંકવાદી હુમલાના પ્રયાસને નિષ્ફળ બનાવી દેવામાં સફળતા હાથ લાગી છે. આતંકવાદી હુમલાના કાવતરાના સંબંધમાં બે આતંકવાદીઓની ધરપકડ કરી લેવામાં આવતા દિલ્હી પરથી મોટી ઘાત ટળી ગઈ છે. મળેલી માહિતી મુજબ દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે દિલ્હીમાં એક મોટી આતંકવાદી ઘટનાના કાવતરાની તૈયારી કરી રહેલા બે શખ્સોને પકડી પાડ્યા છે.

જામા મસ્જિદ વિસ્તારના એક ગેસ્ટહાઉસના રૂમ નં. ૩૦૪ ઉપર દરોડો પાડીને બે ત્રાસવાદીઓને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી એકે ૪૭ની સાથે વિસ્ફોટકો મળી આવ્યા છે. બંને શખ્સો જમ્મુ કાશ્મીરના હોવાનું જાણવા મળ્યું છે. દિલ્હી આતંકવાદીઓના હિટ લિસ્ટમાં પહેલાથી જ છે. આ ઘટનાને ત્રાસવાદી કાવતરા સાથે જોડીને જોવામાં આવે છે. આ દરોડાની કાર્યવાહી મોડી રાત્રે ૧૨ વાગ્યા બાદ શરૂ થઈ હતી જે વહેલી પરોઢે ત્રણ વાગ્યા સુધી ચાલી હતી. પોલીસે ગોરખપુરમાંથી ઝડપાઈ ગયેલા હિજબુલ મુજાહીદીનના ત્રાસવાદી સૈયદ લિયાકત શાહ પાસેથી મળેલી બાતમીના આધાર ઉપર આ દરોડા પાડ્યા હતા. આ શખ્સને દિલ્હી લાવવામાં આવ્યો હતો. તેની પૂછપરછના આધાર ઉપર



આ દરોડા પડાયા હતા. ગોરખપુરમાંથી ઝડપાયેલા ત્રાસવાદીની પુછપરછ બાદ સાવધાની રાખવામાં આવી રહી હતી. હુમલાને લઈને દિલ્હી પોલીસ પાસે પહેલાથી જ ચેતવણી હતી. શ્રીનગરમાં થોડાક દિવસ પહેલા જ સીઆરપીએફ કેમ્પ પર થયેલા હુમલાની જેમ જ આ હુમલો કરવા માટે કાવતરું ઘડી કાઢવામાં આવ્યું હતુ. સ્પેશિયલ સેલ દ્વારા હજુ આ મામલામાં તપાસ ચાલી રહી છે. હિજબુલના શકમંદ આતંકવાદીને ઝડપી પાડવામાં આવ્યા બાદથી સફળતા મળવાની આશા ઉજળી બની ગઈ હતી. આ શખ્સને ગુરુવારે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો ત્યારબાદ તેને ૧૫ દિવસ માટે પોલીસ રિમાન્ડ પર મોકલી દેવામાં આવ્યો હતો. એમ પણ માનવામાં આવે છે કે તેમની દિલ્હીમાં બ્લાસ્ટ કરવાની યોજના હતી. દરોડાવેળા એકે ૪૭ અને અન્ય મહત્વપૂર્ણ હથિયારો અને દસ્તાવેજો મળી આવ્યા છે. હિજબુલના શકમંદ આતંકવાદીએ ખુલાસો કર્યો છે કે હોળીથી પહેલા દિલ્હીમાં ત્રાસવાદી હુમલાનું કાવતરું હતું. આ બ્લાસ્ટ કોઈ ભરચક વિસ્તારમાં કરવામાં આવનાર હતા. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ગુપ્ત રીતે ગેસ્ટ હાઉસ ઉપર દરોડા પાડીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જો કે છૂપાયેલા આતંકવાદીઓએ કોઈપણ પ્રકારનો વિરોધ કર્યો ન હતો.

## ભારતમાં ૧.૩૭ કરોડ લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે

નવી દિલ્હી,તા. ૨૨

તાજેતરમાં જ જારી કરવામાં આવેલા નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે દરેક ૬ શહેરી ભારતીય લોકો પૈકી સરેરાશ એક વ્યક્તિ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહે છે. નવા આંકડાઓ ભારત માટે અંદાજ મૂકવામાં આવેલા ઝૂંપડપટ્ટીના ગ્રોથના આંકડા કરતા ઓછા છે પરંતુ આંકડો ચોક્કસપણે મહત્વનો છે.

નવા ડેટામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ઓલઈન્ડિયા ઝુંપડપટ્ટી વસ્તી ૨૦૧૧ સુધી ૨૭.૫ ટકા વધવાની શક્યતા હતી જેથી નવા આંકડા એ રીતે જ ગણવામાં આવ્યા છે. મુંબઈ જેવા વ્યક્તિગત શહેરોમાં ઝૂંડપપટ્ટીની વસ્તી અપેક્ષા કરતા ઓછી નોંધાઈ છે. વસ્તી ગણતરીના આંકડા ઝૂંપડપટ્ટીને નિવાસી વિસ્તાર તરીકે પરિભાષિત કરે છે. માનવ રહેવા માટે આ પ્રકારની ઝૂંપડપટ્ટી અયોગ્ય ગણવામાં આવતી નથી. કારણ કે આમા સ્વચ્છતાનો અભાવ રહે છે. સાથે સાથે હવા ઉજાસની સુવિધા પણ રહેતી નથી. સુરક્ષા અને આરોગ્યની દૃષ્ટિએ આ ચિત્ર હમેશા નિરાશાજનક છે. રજિસ્ટ્રર જનરલ ઓફ ઈન્ડિયા સી ચંદ્રમૌલીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૧માં ૧.૩૭ કરોડ લોકો અથવા તો શહેરી ભારતીયો પૈકી ૧૭.૪ ટકા લોકો ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા હતા. નવા આંકડાની અગાઉના વર્ષો સાથે સરખામણી કરવી ખૂબ જ મુશ્કેલ છે. કારણ કે ૨૦૧૧ની વસ્તીમાં તમામ ૪૦૪૧ વૈધાનિક શહેરોને આવરી લેવામાં આવ્યા હતા જ્યારે ૨૦૦૧માં ૨૦ હજાર જેટલા વિસ્તારને આવરી લેવાયા હતા.

## ઇટાલીના મામલે ભારતની રાજદ્વારી જીત : ચિદમ્બરમ

નવી દિલ્હી, તા.૨૨

કેન્દ્રિય નાણાં પ્રધાન પી ચિદમ્બરમે આજે કહ્યુ હતુ કે બે ભારતીય માછીમારોની હત્યાના આરોપી ઈટાલિયન નૌ સૈનિકો ભારત પરત ફરનાર છે. ઈટાલિયન મરિન જવાનોના મામલે ભારતની રાજદ્વારી જીત થઈ છે. ચિદમ્બરમે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે આ મામલામાં કેન્દ્ર સરકારના પ્રયાસો સફળ સાબિત થયા છે. આની ક્રેડિટ વિરોધ પક્ષ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને જાય છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા ચિદમ્બરમે કહ્યુ હતુ સરકારના રાજદ્વારી પ્રયાસો સફળ રહ્યા છે પરંતુ વિરોધ પક્ષ આની ક્રેડિટ લેવા માંગે છે. વિરોધ પક્ષ આની ક્રેડિટ લે તો પણ તેમને આમા કોઈ વાધો નથી. આ અગાઉ વિદેશ મંત્રાલયે જાહેરાત કરી હતી કે ઈટાલિયન સરકારે ભારતને માહિતી આપી છે કે આરોપી મરિન જવાનોને ભારતમાં મોકલવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ઈટાલીના મરિન જવાનોને સામાન્ય ચૂંટણીમાં ભાગ લેવા માટે સ્વદેશ જવાની મંજુરી આપી હતી ત્યારે ઈટાલીના રાજદૂત ડેનિયલ મેસીનીએ સુપ્રીમ કોર્ટને ખાતરી આપી હતી કે દેશની ચૂંટણીમાં મતદાન પૂર્ણ થયા બાદ ૨૨મી માર્ચના દિવસ સુધી આ મરિન



જવાનો ભારત પરત ફરશે પરંતુ ૧૧મી માર્ચના દિવસે ઈટાલી સરકારે પોતાને મરિન જવાનોને ભારત મોકલવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ ભારત અને ઈટાલીની સરકાર વચ્ચે રાજદ્વારી ખેંચતાણ શરૂ થઈ ગઈ હતી. સુપ્રીમ કોર્ટે ઈટાલીના રાજદૂતને દેશ છોડવા પર પ્રતિબંધ મુકી દીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઈટાલીના માલવાહક જહાજ એનરેકા લેક્સીની સુરક્ષામાં તૈનાત કર્મચારીઓએ ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૨ના દિવસે કેરળના દરિયા કાંઠે ભારતીય માછીમારો પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં બે માછીમારોના મોત થયા હતા. ઈટાલિયન મરિન પર આ મામલો ચાલી રહ્યો છે.

## દત્તને માફી અપાવી દેવા અનેક નેતાઓ મેદાનમાં

મુંબઈ, તા.૨૨

મુંબઈમાં ૧૯૯૩માં થયેલા સિરિયલ બોમ્બ બ્લાસ્ટના કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા સજા પામેલા બોલિવુડ સ્ટાર સંજય દત્તને માફી અપાવવા હવે નેતાઓ તૈયાર થઈ ચુક્યા છે. સંજય દત્તને માફી અપાવવા માટે સાંસદો એક મત દેખાઈ રહ્યા છે.

નેતાઓ દ્વારા આ માટે રજુઆત પણ કરવામાં આવી રહી છે. જુદા જુદા રાજકીય પક્ષોનાનેતાઓ આના માટે મેદાનમાં છે. સંજય દત્તે આડકતરી રીતે એકે-૫૬ રાઈફલ રાખી હતી. આ શસ્ત્રનો ઉપયોગ ૧૯૯૩માં મુંબઈ વિસ્ફોટમાં કરવામાં આવ્યો હતો. આ બ્લાસ્ટમાં ૨૫૭ લોકોના મોત નિપજ્યા હતા. આ ગુનાના પગલે સંજય દત્તને લગભગ ૨૦ વર્ષ પછીની લાંબી સુનાવણી બાદ પાંચ વર્ષની સજા મળી છે. હવે તમામ લોકો તેની સજાની માફી માટે અપીલ કરતા દેખાઈ રહ્યા છે. સંજય દત્તની સજાની માફી માટે દેશના દિગ્ગજ નેતાઓ સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલ, એનસીપી નેતા ડીપી ત્રિપાઠી, કેન્દ્રીય મંત્રી મનિષ તિવારીએ પોતાના નિવેદનો આપીને સંજય સાથે હોવાની સ્પષ્ટતા કરી હતી.

## વૈશ્વિક સ્તરે કોફીની નિકાસ ૧૯.૫૦ ટકાનો વધારો થયો

નવી દિલ્હી, તા. ૨૨

વૈશ્વિક બજારમાં આ વર્ષના જાન્યુઆરી મહિનામાં કોફીની નિકાસ ૧૯.૫ ટકા વધી ૯.૬૬ મિલિયન વેગ થઈ છે. મહદઅંસે બ્રાઝીલ તથા વિયેટનામાંથી નિકાસનું પ્રમાણ ઊંચુ રહેતા વૈશ્વિક બજારોમાં નિકાસનું પ્રમાણ ઊંચુ રહ્યું છે. તેમ ઈન્ટરનેશનલ કોફી ઓર્ગેનાઈઝેશન (આઈસીઓ) એ જણાવ્યું હતું કે, વિશ્વભરમાં નિકાસનું પ્રમાણ ગયા વર્ષે ૮.૦૯ મિલિયન વેગ હતું. એક વેગ ૬૦ કિલોગ્રામની હોય છે. મોટાભાગની કોફીની નિકાસ બ્રાઝીલ ઈન્ડોનેશિયા તથા કોલંબિયા ૧૮-૨૦ ટકા વધીને ૨.૫૩ મિલિયન વેગ રહી છે. જાન્યુઆરીમાંથી ઈન્ડોનેશિયામાંથી કોફીની નિકાસ ૦.૬૩ મિલિયન બેગથી ૧.૮૦ ટકા વધીને ૦.૬૪ મિલિયન બેગ થઈ છે. તેવી જ રીતે ભારતમાંથી પણ કોફીની નિકાસ ૦.૩૪ મિલિયન બેગથી નજીવી વધીને ૦.૩૫ મિલિયન બેગ થઈ છે.

### શબ્દ સેતુ (પાના નં. ૪નું ચાલુ)

(પાના નં. ૪નું ચાલુ)

મૂળજી : આપના સમયની આધુનિકતા, આજના સાહિત્યિક સામયિકોમાં કે પુસ્તકોમાં જોવા મળે છે કે ભેદ છે?

દોલત ભટ્ટ : ઘટના ઘટે તેમાં સાધનો, વાતાવરણમાં સ્વરૂપો, સંજોગો બદલાયેલાં હોય - હકીકત એકની એક રહે છે. પહેલાં અંગ ઢાંકવા વલ્કલ, પછી ચામડાં, પછી કપાસમાંથી વસ્ત્રો, પછી આધુનિક કપડાં - આમ સમયાંતરે સ્વરૂપો બદલાયાં, પરંતુ હકીકત એક જ એટલે કે "અંગ ઢાંકવાની" રહીં. આમ એનું એ જ અન્ય સ્વરૂપે આવે છે.

મૂળજી : "પ્રવર્તમાન ઇલેક્ટ્રોનીક મીડિયાની સાહિત્ય ઉપરની અસરો" અંગે આપશ્રીનો અભિપ્રાય શું છે?

દોલત ભટ્ટ : સાહિત્યમાંથી મીડિયા બને છે. સાહિત્ય વગર મીડિયા શું પીરશે? સાહિત્ય વગર શાસન બને નહી. સાહિત્યમાંથી જ મીડિયા ઉદ્‌ભવે છે. પ્રથમ નાટ્યકાર, ગીતકાર, સંગીતકાર અને કેળવણીકાર, અસાઇત ઠાકર જેણે ૩૬૦ નાટકો લખ્યાં, જેનો આપણે "ભવાઇ વેશ" કહીએ છીએ. ગુજરાત જયારે અરાજકતા અને અંધાધૂંળીમાં સપડાયેલું હતું ત્યારે યુનિવર્સિટીનું કામ કર્યું. ત્યારે નિશાળો નહોતી, પાઠશાળા હતી નહીં! ખેતીપ્રધાન દેશ ગામડાના લોકો મજૂરી - ખેતીમાં આથી દિવસે સમય મળે નહીં. એવા સમયમાં એમણે દૃશ્ય અને શ્રાવ્ય માધ્યમથી રાત્રે લોકોને ઇતિહાસ, સંગીત, ધર્મ, સમાજ અને શિક્ષણના પાઠ ભણાવ્યા, આમ જનસમાજ ઉપર અસાઇત ઠાકરનું અવિસ્મરણીય પ્રદાન છે. તેમનાં આ કાર્યોબદલ સમાજે તરછોડ્યાં. ત્રણ ભાઇ એટલે કે ત્રણ ઘર અલગ થયાં! આમ આ "ત્રણ ઘરા", "તરગાળા" કહેવાયા.

જનરલ તારણ એવું નીકળે છે કે આપણો સમાજ કદાપિ બગડે નહીં કે કદી સુધરે નહીં! સમાજ હંમેશાં સમાજ જ રહે છે. અને એટલે જ 'ચોર' અને કોટવાળનાં પાત્રો આપણે ત્યાં છે જ. સંસ્કૃતમાં તસ્કરલીલાનો ગ્રંથ પણ રચાયો છે. આમ જો, સમગ્ર સમાજને સાધુતા સ્પર્શી જાય તો તે સમજ, સમાજ રહેતો નથી.

મૂળજી : ખૂબ ખૂબ આભાર! દોલતબાપા આપશ્રીએ ૮૦ વર્ષની જૈફ ઉંમરે પણ, અતીતને ઢંઢોળી સતત બેથી અઢી કલાકનો સમય આપ્યો અને મુલાકાતનું સાતત્ય જાળવ્યું એ બદલ! ખરા દિલથી નમસ્કાર બાપા!

દોલતભટ્ટ : તમારો પણ આભાર મૂળજીભાઇ! મને અતીતમાં ડોકિયું કરાવવા અને જૂનાં સંસ્મરણોને ઢંઢોળવા બદલ.

થાક્યો હશો! હવે ચા-કોફી લઇશું?

(સમાપ્ત)

## દિલ્હી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના ફરી કંગાળ દેખાવથી નિરાશા

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હીના ફિરોઝશાહ કોટલા મેદાન ખાતે શરૂ થયેલી બોર્ડર-ગાવાસ્કર ટ્રોફીની ચોથી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે રમત બંધ રહી હત્યારે ઓસ્ટ્રેલિયાએ તેના પ્રથમ દાવમાં અતિ કંગાળ બેટિંગ કરતા આઠ વિકેટે ૨૩૧ રન બનાવ્યા હતા. પ્રથમ દિવસે ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોની બેટિંગે લઈને ક્રિકેટ ચાહકો નિરાશ થયા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી દરેક બેટ્સમેનોએ ખૂબજ નિરાશાજનક બેટિંગ કરી હતી. ભારત તરફથી અશ્વિને ફરી એકવાર તરખાટ મચાવીને ૪૦ રન આપી ચાર વિકેટ ઝડપી હતી જ્યારે ઈશાંત શર્મા અને જાડેજાએ બે-બે વિકેટ ઝડપી હતી. અશ્વિન અને જાડેજાનો દેખાવ સમગ્ર શ્રેણી દરમિયાન ખૂબજ શાનદાર રહ્યો છે. ઓસ્ટ્રેલિયા તરફથી કોવાને ૩૮, ફીલ યુઝે ૪૫, સ્મિથે ૪૬ રન કર્યા હતા. જ્યારે પિટર સિડલે પૂંછડીયા બેટ્સમેન તરીકે ઉપયોગી બેટિંગ કરી અણનમ ૪૭ રન કર્યા હતા. જો કે ઓસ્ટ્રેલિયન બેટ્સમેનના ફ્લોપ શોના કારણે રમત નિરસ બની હતી. ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ઓસ્ટ્રેલિયા પહેલાથી જ ત્રણ ટેસ્ટ મેચ હારી ચુક્યુ છે. ચોથી ટેસ્ટ મેચમાં પણ તેના દેખાવ કંગાળ રહ્યા છે. ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાના બેટ્સમેનો ખૂબ સારા ફોર્મમાં હોવાથી આ ટેસ્ટ મેચમાં પણ હવે તક રહેલી છે. પોતાની કેરિયરની પ્રથમ ટેસ્ટ રમતા શિખર ધવને સદી ફટકાર્યા બાદ તે ઈજાગ્રસ્ત થવાની આ ટેસ્ટ મેચમાં રમી રહ્યો નથી. તેની જગ્યાએ ટીમમાં રહાણેનો સમાવેશ કરવામાં આવ્યો છે. હવે રહાણેને પણ શાનદાર દેખાવ કરવાની તક રહેલી છે. ટેસ્ટ પ્રવેશમાં પોતાની કુશળતા દર્શાવવાની તેને તક રહેલી છે. આજે સવારે ઓસ્ટ્રેલિયાના કેપ્ટન શેન વોટસને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ વોટસનના આ નિર્ણયની કોઈ અસર થઈ ન હતી. માઈકલ ક્લાર્ક ઈજાગ્રસ્ત હોવાથી તેની જગ્યાએ વોટસન કેપ્ટનશીપ કરી રહ્યો છે.

## મની લોન્ડરીંગ : ત્રણ મોટી બેંકને ક્લીનચીટ મળી ગઈ

નવી દિલ્હી,તા. ૨૨

મનીલોન્ડરીંગના મામલામાં આરબીઆઈએ આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક અને એચડીએફસી બેંકને ક્લીનચીટ આપી દેતા આ મહાકાય બેંકોને મોટી રાહત થઈ છે. રિઝર્વ બેંકે કહ્યું છે કે આ ત્રણ મોટી ખાનગી સેક્ટરની બેંકો સામે મની લોન્ડરીંગના કરવામાં આવેલા આક્ષેપોને વધારે મહત્વ આપવાની જરૂર નથી. ભારતમાં આ પ્રકારના ગુનાઓને રોકવા માટે એક પરફેક્ટ સિસ્ટમ અમલી છે. સ્ટીંગ ઓપરેશનમાં કોઈપણ પ્રકારની આવી લેવડદેવડ થઈ નથી.

દેશની ત્રણ મોટી ખાનગી સેક્ટરની બેંક આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી અને એક્સીસ બેંક ઉપર ઓનલાઈન પોર્નટન સાથે મની લોન્ડરીંગનો ખુલાસો થયા બાદ



સનસનાટી મચી ગઈ હતી. ઓનલાઈન પોર્ટર કોબ્રા પોસ્ટે પોતાના અહેવાલમાં સ્ટીંગ ઓપરેશન બાદ જણાવ્યું હતુંકે આ ત્રણ બેંકો માટાપાયે કાળા નાણાંને સફેદ કરવામાં લાગેલી છે. આ ત્રણે બેંકો મની લોન્ડરીંગમાં સામેલ છે તેવા કોબ્રા પોસ્ટના ધડાકા બાદ ભારે ખળભળાટ મચી ગયો હતો. ધારાધોરણ સાથે ચેડા કરાયા હોવાનો આક્ષેપ પણ કરાયો હતો. હવે બેંકરો સાથે બેઠક કરાયા બાદ ડેપ્યુટી ગવર્નર કે સી ચક્રવર્તીએ કહ્યું હતું કે આક્ષેપોનો મતલબ ધારાધોરણ સાથે ચેડા નથી. એક પણ ટ્રાન્જેક્શન નિયમોનો ભંગ કરીને થઈ નથી. કેવાયસી ભંગ કોઈપણ વ્યવસ્થામાં થઈ શકે છે. તમામ લેવડ દેવડના મુદ્દાને મની લોન્ડરીંગ સાથે કોઈ લેવાદેવા નથી. આરબીઆઈએ ક્લીનચીંટ આપ્યા બાદ આજે આ બેંકોને આખરે રાહત થઈ છે. ચક્રવર્તીનું કહેવું છે કે આરબીઆઈ મનોલોન્ડરીંગ સાથે સંબંધિત ધારાધોરણને જો જરૂર પડશે તો વધુ કઠોર બનાવવામાં આવશે. તેમને જણાવ્યું છે કે નવી માગદર્શિકા પણ જારી કરવામાં આવશે.

હાલમાં આરબીઆઈ, નાણાંમંત્રાલય અને બેંકો આક્ષેપોને લઈને તપાસ કરી રહી છે. કેટલાક અધિકારીઓએ મનીલોન્ડરીંગ માટે માર્ગ મોકળો કરવાની ઓફર કરી હોવાના આક્ષેપો પણ સપાટી ઉપર આવ્યા હતા. કેવાયસી માર્ગદર્શિકાના ભંગ બદલ ત્રણ બેંકોની ચકાસણી પણ કરવામાં આવી હતી. એમ પણ માનવામાં આવે છે કે ૩૧મી માર્ચ સુધી અંતિમ અહેવાલ તૈયાર થઈ જશે. ત્યારબાદ વધુ પગલાં લેવાશે.

## કિંગફિશર કર્મીઓને આઠ મહિનાનો પગાર ચૂકવાશે

નવી દિલ્હી, તા.૨૨

કિંગફિશર એરલાઈન્સના પ્રમોટર વિજય માલ્યાએ તેમના કર્મચારીઓને ખાતરી આપી છે કે તેઓ ટૂંકમાં જ આઠ મહિનાના બાકી પગાર ચૂકવી દેશે. પરંતુ આ માટે કોઈ સમય મર્યાદા આપી રહ્યા નથી. એરલાઈનના સ્ટાફના સભ્યોએ આજે આ મુજબની માહિતી આપી હતી. આગામી ઈન્ડિયન પ્રિમિયર લીગમાં માલ્યાની માલિકીની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની મેચોમાં ખેલલ પહોંચાડવા કર્મચારીઓ પૈકી કેટલાક કર્મચારીઓએ ધમકી આપ્યા બાદ આ ખાતરી આપવામાં આવી છે. માલ્યા એરલાઈન પાઈલોટ અને એન્જિનિયરોના પ્રતિનિધિઓને પણ મળ્યા હતા. મોડેથી તેમણે કહ્યુ હતુકે ગયા વર્ષે જૂનથી આ વર્ષે જાન્યુઆરી સુધી તેમનો બાકી પગાર ચૂકવી દેવામાં આવશે. કંપુનીને ૧૧૦૦૦ કરોડની ડીયાગો સમજૂતિ પાસેથી નાણાં મળ્યા બાદ પગારની ચૂકવણી કરવામાં આવશે જો કે આના માટે કોઈ સમયમર્યાદા આપવામાં આવી નથી. ગયા નવેમ્બરમાં માલ્યના યુબી ગ્રુપની ગૌણ કંપની યુનાઈટેડ સ્પીરીટે અમેરિકા સ્થિત ડીયાગોને ૫૩.૪ ટકા હિસ્સેદારી વેચી દીધી હતી. બહુમાળખીય સમજૂતિ ૧૧૧૬૫.૫ કરોડની છે. કિંગફિશરના ચેરમેને ઓપરેશન પુનઃ શરૂ કરવા કંપનીની યોજના અંગે પણ કર્મચારીઓને માહિતી આપી છે. તેમણે એમ પણ કહ્યુ છે કે તેઓ એરલાઈન માટે રિવાઈવલ પ્લાન રજુ કરવા ટૂંકમાં જ ડીજીસીએના વડા અરૂણ મિશ્રાને મળશે.

## સમાચાર ઝલક

- થરાદના ભરડાસર ગામે પિતાએ પુત્રી ઉપર દુષ્કર્મ આચરતાં ફિટકાર.
- તરબૂચ હાર્ટ એટેકના ખતરાને ઘટાડે છે.
- આરબીઆઇએ વ્યાજ દર ભલે ઘટાડ્યું, બેન્કો લોન પરનું વ્યાજ નહીં ઘટાડે.
- રાજકીય અનિશ્ચિતતા ઓઇલ-ગેસ સેકટરને સૌથી વધુ મુશ્કેલી કરશે.
- ગુજરાતની ચાર વીજ કંપનીને એ રેટીંગ આપવામાં આવ્યું.
- પરવેઝ મુશર્રફની ધરપકડની ઇન્ટરપોલે વિનંતી રદ્દી કરી.
- ધૂળેટીના રંગો બજારમાં ૧૫ જાતની વેરાઇટી, હર્બલ કલરનું આકર્ષણ કેશુડાનો રંગ હજુ ફેવરીટ.
- રેલ્વેમાં હવે અર્ધ વાર્ષિક અને વાર્ષિક સિઝન પાસ અપાશે.
- એસ.ટી.માં ભાડા વધ્યા પણ આવક રજૂ ૪ % ઓછી રહી છે.
- હિન્દી ફિલ્મો બાળકો-યુવા વર્ગને બગાડે છે.
- ૧લી એપ્રિલથી રાજકોટ-વડોદરાની સુપર ફાસ્ટ ટ્રેન શરૂ થશે.
- 'યુનો'માં શ્રીલંકા વિરૂધ્ધ પ્રસ્તાવને ભારતનો ટેકો.
- ઓખા બંદરે ઇતિહાસમાં પ્રથમવાર ૧.૭૦ લાખ ટન ક્ષમતાનું જહાવ આવશે.
- ગુજરાતમાં ક્રાઇમ રેટમાં ૧૩૧%નો વધારો નોંધાયો.
- મોટા ભાગનાં માર્કેટ યાર્ડોમાં અઠવાડિયું લે-વેચના કામકાજ બંધ રહેશે.
- મનરેગા કૌભાંડની પોલીસ તપાસમાં પણ સેટીંગ હોવાની ચર્ચા.
- કંડલા કસ્ટમના બે અધિકારીઓ લાંચના છટકામાં ઝડપાયા, ૧૧ લાખ રૂપિયા રોકડા મળ્યાં.
- રાજકીય તંગદિલી, લોકસભામાં હોબાળાથી ૨૧૫ યોજનાઓ લટકી પડી, ૭ લાખ કરોડની યોજનાઓ અધ્ધરતાલ.
- રાજકીય વાવાઝોડામાં આર્થિક સુધારાઓ પણ ફસાયા છે.
- તા. ૩૧મીએ અમદાવાદમાં 'હિન્દુ સંગમ સંમેલન' યોજાશે.
- પેન્શનપાત્ર કર્મચારીનાં ચાલુ નોકરીએ મૃત્યુના સંજોગોમાં ૧૦ વર્ષ સુધી ૨૦% વધુ પેન્શન ગુજરાત સરકાર ચુકવશે, વિધાનસભામાં નાણામંત્રીની જાહેરાત.